દાખલ તારીખ : ૦૬/૦૭/૧૯
રજી.કર્યા તારીખ : ૦૬/૦૭/૧૯
નિકાલ તારીખ : ૦૭/૧૦/૨૪
**સમય : વર્ષ –માસ–દિવસ**

---

**ગોધરાની શ્રમ અદાલતના પ્રમુખ અધિકારીશ્રી એચ.એ.મકા સાહેબ સમક્ષ.મું.ગોધરા**

---

**રેફરન્સ (ટી.)નં.૩૭/૨૦૧૯**
**આંક : ૨૫**

**પ્રથમ પક્ષકાર : –** (૧) નાયબ વન સંરક્ષકશ્રી,
વન સંશોધન કેન્દ્ર રાજપીપળા,
તા.જી.નર્મદા.

(૨) આર.એફ.ઓ.શ્રી,
વન સંશોધન કેન્દ્ર, પંચમહાલ ડેરીની સામે,
ધનોલ,તા.ગોધરા,જી.પંચમહાલ.

**– :: વિરુધ્ધ :: –**

**બીજા પક્ષકાર :–** ગોપાલભાઈ દાદુભાઈ ચારણ
મુ.દરૂણીયા,તા.ગોધરા,જી.પંચમહાલ.

**પ્રતિનિધિત્વ :–**

પ્રથમ પક્ષકાર તરફે :– વિધ્વાન સરકારી વકીલશ્રી આર.એસ.ઠાકોર

બીજા પક્ષકાર તરફે :– વિધ્વાન વકીલશ્રી એચ.પી.તીરગર

---

**વિષય :–ઔધોગિક વિવાદ ધારા ૧૯૪૭ ની કલમ–૧૦(૧)હેઠળ ન્યાય નિર્ણય કરવા બાબત...**

---

**– :: એવોર્ડ ::–**

(૧) આ કામના પક્ષકારો વચ્ચે ઉદભવેલ ઔધોગીક તકરારની ફરીયાદ સંબધે મદદનીશ શ્રમ આયુકતશ્રી, ગોધરા તરફથી તેઓના તા.૦૩/૦૭/૨૦૧૯ ના હુકમ નંબર–કે.એચ./ એસ.એચ.એમ.સી./ગો.

/પ૨૨૦ થી અત્રેની મજુર અદાલત,ગોધરાને ન્યાય નિર્ણય અર્થે સુપ્રત કરવામાં આવેલ છે જેની અનુંસુચિ નીચે મુજબ છે.

**– :: અનુંસુચિ :: –**

**શ્રી ગોપાલભાઈ દાદુભાઈ ચારણને તેમની મુળ જગ્યાએ પડેલા દિવસોના પુરેપુરા પગાર સહીત નોકરીમાં પુન:સ્થાપિત કરવા જોઈએ કે કેમ?**

(૨) આ કામના બીજા પક્ષકારને નોટીસ બજતા તેઓ દવારા આંક–૦૪ થી માંગણા નિવેદન રજુ કરી જણાવેલ છે કે,બીજા પક્ષકાર પ્રથમ પક્ષકારને ત્યાં સને–૨૦૧૩ ના રોજથી રોજમદાર તરીકે ફરજ બજાવતા હતા અને તેઓને માસીક રૂ.૬૦૦૦/–પગાર ચુકવતા હતા,બીજા પક્ષકાર પાસેથી પ્રથમ પક્ષકાર સતત આઠ કલાક ઉપરાંતની કામગીરી કરાવતાં હતા,બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં હાજર થયા તે સમયે પ્રથમ પક્ષકારે કોઈ નિમણુંકપત્ર,ઓળખપત્ર,પગારચિઠ્ઠી વિગેરે કાયદાકીય રીતે આપવા જોઈતા હતાં તે આપેલ નથી અને બીજા પક્ષકારને તમામ કાયદાકીય બાબતની દ્રષ્ટિએ તેઓને કાયદેસરના મળવાપાત્ર લાભોની માંગણી બીજા પક્ષકારે જે તે સમયે કરેલ અને છેલ્લા સમય સુધી સદર માંગણીઓ ચાલુ રાખેલ,વધુમાં બીજા પક્ષકારને ચુકવવાપાત્ર થતો પગાર વાઉચર ઉપર ચુકવતાં હતા. વધુમાં બીજા પક્ષકાર સંસ્થામાં હાજર થયા ત્યારથી સળંગ અતુટ અને બ્રેક સિવાયની નોકરી કરી દરેક વર્ષમાં ૨૪૦ દિવસ કરતાં વધુ સમયની નોકરી કરેલ છે.આમ વધુ સમયની કામગીરી કરી આઈ.ડી.એકટની કલમ–૨૫ (બી)મુજબ નોકરીની સળંગતા જાળવી રાખી કાયમી કામદાર તરીકેના હકકો પ્રથમ પક્ષકાર સંસ્થામાં પ્રસ્થાપિત કરેલા છે,વધુમાં બીજા પક્ષકાર પ્રથમ પક્ષકારને ત્યાં તેમની નોકરીના સમયગાળા દરમ્યાન કાયમી કરવાની માંગણી કરવાથી બીજા પક્ષકારને કોઈ પણ જાતના વાંક–ગુન્હા વગર મૌખિક હુકમથી તા.૦૧/૧૨/૨૦૧૮ ના રોજથી નોકરીમાંથી છુટા કરી બેકારી બનાવી દીધેલ છે. બીજા પક્ષકારને નોકરીના સમયગાળા દરમ્યાન પ્રથમ પક્ષકાર તરફથી કોઈ પણ નોટીસ, નોટીસ પગાર, છટણી વળતર સસ્પેન્શન એલાઉન્સ,બચાવની તક કે અન્ય કોઈ કાયદાકીય કાયદેસરના હકક હીસ્સા ચુકવ્યા સિવાય આઈ.ડી.એકટની કલમ–૨૫(એચ) અને ૨૫ (એફ) નો ભંગ કરી નોકરીમાંથી છુટા કરી બેકાર બનાવી દીધેલ. બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર તરફથી કોઈ પણ જાતની વર્તણુંક માટે કોઈ મેમો કે ઈન્કવાયરી કરેલ નથી,પ્રથમ પક્ષકાર સંસ્થા હાલ પણ ચાલુ છે તેમા બીજા પક્ષકાર સાથે અને પછીના કામદારો ફરજ બજાવે છે અને અવાર નવાર ભરતી પણ કરે છે.વધુમાં બીજા પક્ષકારને નોકરીમાંથી છુટા કર્યા પછી સદરહુ વિવાદ માટે મજુર કમિશ્નર શ્રી સમક્ષ ફરીયાદ કરેલ પરંતુ કોઈ સમાધાન ન થતાં આ વિવાદ નામદાર મજુર અદાલત ગોધરા સમક્ષ રેફરન્સ થતા ચલાવવાની ફરજ પડેલ બીજા

પક્ષકારને નોકરીમાંથી છુટા કર્યા બાદ બીજી ઘણી જગ્યાએ નોકરી મેળવવા પ્રયત્ન કરવા છતાં નોકરી મળેલ નથી.બીજા પક્ષકાર તથા તેમના કુટુંબનું ભરણપોષણ માટેનું આજીવિકાનું સાધન ફકત નોકરી છે જેથી બીજા પક્ષકારને પડેલ દિવસોના પુરેપુરા પગાર સહીત પુન:સ્થાપીત કરવા અરજ કરેલ છે.

(૩) આ કામે પ્રથમ પક્ષકારને રેફરન્સની નોટીસ બજતા પ્રથમ પક્ષકાર તરફે આંક–૦૮ થી માંગણા નિવેદનનો જવાબ રજુ કરવામાં આવેલ છે જેમાં તેઓ દવારા બીજા પક્ષકારના નિવેદનની હકીકતોનો ઈન્કાર કરેલ છે.વધુમાં જણાવેલ છે કે સરકારી રેકર્ડ તપાસતા બીજા પક્ષકાર પ્રથમ વખતે તા.૦૫/૦૫/૨૦૧૮ થી વોચમેન તરીકે હંગામી ધોરણે કે છુટક રોજમદાર તરીકે કામગીરી કરેલ નથી તેઓએ રેન્જ ખાતે નર્સરીમાં પીસરેટ પર કામગીરી કરેલ છે. તેઓને દૈનિક વેતનદર પર રોકવામાં આવેલ નથી તથા સંકુલમા કામગીરીનો પુરવઠો ઓછો વધતો થતો હોઈ તેમને છુટક મજુરો કારીગરોને અનુરૂપ એક માસમાં ૧૫ થી ૧૮ દિવસ પુરતા બોલાવવામાં આવે છે અને કામગીરી પૂર્ણ થયેથી પાછા બંધ કરવામાં આવે છે. હાલમાં બીજા પક્ષકારે અન્ય મજુરો સાથે નર્સરીમાં કામ બાબતે ઝગડાઓ કરેલ છે તેની પોલીસ સ્ટેશને ફરીયાદ કરેલ છે.જેથી બીજા પક્ષકારે સંસ્થામાં પીસરેટ પર ઉચ્ચક કામગીરી કરેલ હોઈ તેઓને અન્ય કોઈ લાભ મળી શકે તેમ ન હોઈ બીજા પક્ષકારની દાદ નામંજુર કરવા જણાવે છે.

(૪) આ કામના બીજા પક્ષકાર તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખીક પુરાવા રજુ કરેલ છે.

| અનુ નં.. | મૌખીક પુરાવો.. | આંક.. |
|---|---|---|
| (૧) | ગોપાલભાઈ દાદુભાઈ ચારણની સોગંદનામાં પરની જુબાની. | ૧૩ |

આ કામના બીજા પક્ષકાર તરફે પોતાની જુબાની સીવાય બીજા કોઈ સાહેદને તપાસેલ નથી કે બીજા કોઈ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ નથી બાદ બીજા પક્ષકાર તરફે આંક–૧૪ ની પુરસીસથી પોતાનો પુરાવો પુરો થયેલ જાહેર કરેલ છે.

(૫) આ કામના પ્રથમ પક્ષકાર તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક પુરાવા રજુ કરેલા છે.

| અનુ નં.. | મૌખીક પુરાવો.. | આંક.. |
|---|---|---|
| (૧) | શ્રી વિજય શંકરલાલ ચાવડાની સોગંદનામાં પરની જુબાની. | ૧૯ |

| અનુ નં.. | મૌખીક પુરાવો.. | આંક.. |
|---|---|---|
| (૧) | બીજા પક્ષકારે શ્રમઆયુકત કચેરીમાં આપેલ જવાબની નકલ. | નિ.૯/૧ |
| (૨) | બીજા પક્ષકાર સામે કરેલ ફરીયાદની નકલ. | નિ.૯/૨ |

(૩) વન સંરક્ષકશ્રી, વન શાસ્ત્ર અને વન વિનિયોગ રાજપીપલા નિ.૯/૩
સંશોધન કામગીરીના દર નકકી કરવા અંગેના પત્રની નકલ.

(૪) ગુજરાત સરકાર, વન અને પર્યાવરણ વિભાગના ઠરાવની નકલ. નિ.૯/૪

(પ) સને–૨૦૧૨ થી સને–૨૦૧૬ સુધી તુટક તુટક કરેલ કામગીરીનો નિ.૨૦/૧
કેશબુક પરથી કરેલ ઉતારાની નકલ.

આ કામના પ્રથમ પક્ષકાર તરફે કોઈ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ નથી બાદ આંક–૨૧ થી પોતાનો પુરાવો પુરો થયાનુ જાહેર કરતી પુરસીસ રજુ કરેલ છે.

(૬) આ કામના બીજા પક્ષકાર તરફે તેઓના વિધ્વાન વકીલશ્રીની મૌખીક દલીલ સાંભળેલ છે જેમાં તેઓ દવારા જણાવેલ છે કે,આ કામના બીજા પક્ષકાર દવારા પ્રથમ પક્ષકાર સંસ્થામાં કામગીરી કરેલ છે તેનો મૌખીક પુરાવો આપેલ છે,બીજા પક્ષકારને છુટા કરતી વખતે કોઈ નોટીસ,નોટીસ પગાર કે બીજા કોઈ લાભો આપેલ નહી જેથી ઔધોગિક વિવાદ ધારાની કલમ–૨૫(એફ) નું પાલન કરેલ નથી જેથી બીજા પક્ષકારની ગેરકાયદેસર છટણી કરેલ હોય આ તમામ સંજોગોમાં હાલનો રેફરન્સ મંજુર કરી પડેલ પગાર સહીત તેમજ અન્ય લાભો સહીત સળંગ નોકરીથી પુન:સ્થાપિત કરવા તેવી અરજ કરેલ છે.

આ કામના પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે વિધ્વાન ડી.જી.પી.શ્રી આર.એસ.ઠાકોર દવારા આંક–૨૩ થી પોતાની લેખીત દલીલ રજુ કરેલ છે અને તેઓની આ દલીલ ના સમર્થનમાં તેઓ દવારા નામદાર ગુજરાત હાઈકોર્ટ દવારા સ્પેશીયલ સીવીલ એપ્લીકેશન નં.૭૦૫૯/૨૦૦૮ ના કામે થયેલ હુકમ તેમજ નામદાર સુપ્રિમકોર્ટની એ.આઈ.આર.૨૦૦૪.એસ.સી.૪૬૮૧ મ્યુનીસીપલ કોપોરેશન ફરીદાબાદ વી.શ્રી નીવાસ તેમજ નામદાર સુપ્રિમકોર્ટની આસીસ્ટન્ટ એકઝીકયુટીવ એન્જીનીયર કર્ણાટકા વી.શીવાલીંગાના ચુકાદા ઉપર આધાર રાખેલ છે.

(૭) આ કામે રેકર્ડ ધ્યાને લેતાં,માંગણાનું નિવેદન તથા જવાબ ધ્યાને લેતાં આ કામના નિર્ણય માટે તથા મદદનીશ શ્રમ આયુકતશ્રી,ગોધરાએ કરેલ રેફરન્સના મુખ્ય મુદ્દો કે બીજા પક્ષકાર ને તેમની મુળ જગ્યાએ પડેલા દિવસોના પુરેપુરા પગાર સહીત નોકરીમાં પુન:સ્થાપિત કરવા જોઈએ કે કેમ ? તેના નિર્ણય માટે મારા અગાઉના ન્યાયાધીશશ્રી ધ્વારા આંક–૦૯ થી નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થીત કરેલ છે.

**–:: મુદ્દા ::–**

(૧) શું પ્રથમ પક્ષકારનો 'ઈન્ડસ્ટ્રી' ની વ્યાખ્યામાં સમાવેશ થાય છે?

(૨) શું બીજા પક્ષકાર પુરવાર કરે છે કે તેઓ પ્રથમ પક્ષકાર સંસ્થામાં રોજમદાર ચોકીદાર તરીકે ફરજ બજાવતા હતા? અને તેમની અને પ્રથમ પક્ષકાર સંસ્થા વચ્ચે નોકર અને માલીકનો સંબધ છે?

(૩) શું બીજા પક્ષકારનો ઔદ્યોગિક વિવાદ ધારા હેઠળ 'કામદાર' ની વ્યાખ્યા માં સમાવેશ થાય છે?

(૪) શું બીજા પક્ષકાર પુરવાર કરે છે કે તેઓ પ્રથમ પક્ષકારે તા.૦૧/૧૨/૨૦૧૮ ના રોજ નોકરીમાંથી છુટા કરેલ છે?

(૫) શું બીજા પક્ષકાર પુરવાર કરે છે તેમણે પ્રથમ પક્ષકાર સંસ્થામાં ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ–૨૫(બી) મુજબ સળંગ નોકરી કરેલી છે?

(૬) શું બીજા પક્ષકાર પુરવાર કરે છે કે તેઓને પ્રથમ પક્ષકારે કોઈ પણ રીતે ગેરકાયદેસર રીતે છુટા કરેલ છે?

(૭) શું બીજા પક્ષકાર નોકરીમાં પુન:સ્થાપિત થવા હકકદાર થાય છે?

(૮) શું બીજા પક્ષકાર પડેલા દિવસોનો કોઈ પગાર મેળવવા હકકદાર થાય છે?

(૯) શું બીજા પક્ષકાર વિકલ્પે કોઈ વળતર મેળવવા હકકદાર થાય છે?

(૧૦) શું હુકમ ?

(૮) ઉપરોકત મુધ્દાઓના નિર્ણય નીચે મુજબ છે.

**–:: નિર્ણય ::–**

(૧) હકારમાં.

(૨) અંશત:હકારમાં.

(૩) હકારમાં.

(૪) નકારમાં.

(૫) નકારમાં.

(૬) નકારમાં.

(૭) નકારમાં.

(૮) નકારમાં.

(૯) નકારમાં.

(૧૦) આખરી હુકમ મુજબ.

(૯) ઉપરોકત મુધ્દાઓના નિર્ણયોના કારણો નીચે મુજબ છે.

## -: કારણો:-

(૧૦) મુધ્દાનં.૧ ::-

આ કામના અરજદાર દવારા હાલનો રેફરન્સ ઔધોગીક વિવાદ ધારા હેઠળ કરેલ છે અને જેથી આ કામના બીજા પક્ષકાર અદાલતને બતાવવું પડે કે,પ્રથમ પક્ષકાર સંસ્થાનો આ કાયદાની જોગવાઈ મુજબ ઈન્ડસ્ટ્રીમાં સમાવેશ થાય છે જે માટે બીજા પક્ષકાર દવારા પોતાના માંગણા નિવેદનમાં તેમજ મૌખીક પુરાવામાં આ કામના પ્રથમ પક્ષકાર સંસ્થાને ઔધોગીક વિવાદ ધારો લાગું પડતો હોવાનો પુરાવો આપેલ છે જયારે આ કામના પ્રથમ પક્ષકાર દવારા તેઓના લેખીત જવાબમાં તેઓનો ઉધોગની વ્યાખ્યામાં સમાવેશ થતો નથી તેવી કોઈ સ્પષ્ટ તકરાર લીધેલ નથી તેમજ તે બાબતે કોઈ સ્પષ્ટ પુરાવા કે કામગીરી અંગેની દલીલો કરેલ નથી,પ્રથમ પક્ષકાર હાલની સંસ્થાની કામગીરી ઘ્યાને લેતા પ્ર થમ પક્ષકારની કામદારો પાસેથી કામદારોના સહકારથી કરાતી સીસ્ટેમેટીક પ્રવૃતી ઘ્યાને લેતા તેમજ બીજા પક્ષકાર તરફે રજુઆત મુજબ પ્રથમ પક્ષકાર સંસ્થા કામદારો દવારા જંગલ સાચવણીની કામગીરી કરતી હોઈ તેમજ આ બાબતે નામદાર સુપ્રિમકોર્ટ દવારા બેગ્લોંર વોટર સપ્લાયના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ જયારે કોઈપણ સંસ્થા કામદારના સહકારથી કોઈપણ સીસ્ટેમેટીક પ્રવૃતિ, કે જે આઘ્યાત્મિક કે ધાર્મિક પ્રકારની પ્રવૃતિ ન હોય તો તેવી તમામ પ્રવૃતિનો 'ઈન્ડસ્ટ્રી' ની વ્યાખ્યા માં સમાવેશ થઈ શકશે તેવા સિધ્ધાંતો પ્રસ્થાપિત કરેલ છે અને આ કામના પ્રથમ પક્ષકારની પ્રવૃતિ જોતા તે પ્રવૃતિ કોઈપણ રીતે ધાર્મિક કે આઘ્યાત્મિક પ્રવૃતિ ગણી શકાય તેમ નથી જે ઘ્યાને લેતા પણ હાલની સંસ્થા કામદારના સહકારથી ચાલતી જંગલ સાચવણીને લગતી સીસ્ટમેટીક પ્રવૃતી કરતી હોઈ પ્રથમ પક્ષકાર સંસ્થાનો સમાવેશ 'ઈન્ડસ્ટ્રી' ની વ્યાખ્યામાં થતો હોવાનું માની શકાય તેમ છે તે સંજોગોમાં પ્રથમ પક્ષકારનો 'ઈન્ડસ્ટ્રી' ની વ્યાખ્યામાં સમાવેશ થતો હોવાનું પુરવાર થતુ હોય મુદાનં.૧ નો નિર્ણય હકારમાં આપવામાં આવે છે.

(૧૧) મુધ્દાનં.૨ તથા ૩ સંયુકત ::-

ઉપરોકત બંન્ને મુદાઓની હકીકતો એક સમાન તથા એક બીજાને સંસંગત હોય પુરાવાનુ તથા હકીકતોનું પુનરાવર્તન ટાળવા માટે બંન્ને મુદાઓની ચર્ચા એક સાથે કરેલ છે.આ કામના બીજા પક્ષકાર દવારા રજુ કરેલ પુરાવો જોતા આ કામે બીજા પક્ષકાર ઘ્વારા તેમના માંગણા ના નિવેદનમાં તેઓ પ્રથમ પક્ષકાર સંસ્થામાં સને.૨૦૧૩ ના રોજથી વોચમેન રોજમદાર ચોકીદાર તરીકે ફરજ બજાવતા હતા અને તેઓને માસીક રૂા.૬૦૦૦/-પગાર આપવામાં આવતો હોવાની હકકીત જણાવેલ છે તેમજ આ લગત તેઓના સરતપાસના સોગંદનામા ઉપર પુરાવો આપેલ છે તેમજ આ કામના પ્રથમ પક્ષકાર દવારા પોતાના લેખીત જવાબમાં બીજા પક્ષકાર તેઓની સંસ્થામાં કામ કરતા હોવાનો ઈન્કાર કરેલ

નથી અને તેઓ દવારા બીજા પક્ષકારે તેઓની સંસ્થામાં પીસરેટ ઉપર કામગીરી પુરતા બોલવામાં આવતા હોવાની હકીકત જણાવેલ છે,આમ સંસ્થા દવારા બીજા પક્ષકારને તેઓના કામદાર તરીકે સ્વીકારેલ છે,આ સીવાય પણ સંસ્થા તરફે આંક–૨૦ ના લીસ્ટથી તેમજ આંક–૨૪ ના લીસ્ટથી રજુ કરેલ પત્રકથી હાજરીના દિવસોની માહીતી રજુ કરેલ છે જે ઘ્યાને લેતા તેમા બીજા પક્ષકાર દવારા સને.૨૦૧૨ થી સને.૨૦૧૮ ના સમય દરમ્યાન છુટક છુટક તેમાં દર્શાવેલ મુજબની પીસરેટ ઉપર છુટક કામગીરી કરેલ હોવાનું રેકર્ડ ઉપર આવેલ છે પરંતું આ કામના બીજા પક્ષકાર પીસરેટ ઉપર કામ કરતા હોય તેઓ ચોકીદાર તરીકે કામ કરતા હોવાનું રેડર્ક ઉપર આવેલ નથી તેમજ પ્રથમ પક્ષકાર સંસ્થાના સાહેદ દવારા પણ પોતાની ઉલટતપાસમાં બીજા પક્ષકાર ચોકીદાર તરીકે કામગીરી કરતા હોવાનો ઈન્કાર કરેલ છે આ તમામ હકકીતો ઘ્યાને લેતા બીજા પક્ષકારની પીસરેટ ઉપરની છુટક કામગીરી જોતા તેઓ મેનેજમેન્ટ કે સુપરવાઈઝરી કે એડમીનીસ્ટ્રેશન પ્રકાર ની કામગીરી કરતા ના હોઈ તે સંજોગોમાં કાયદાની કલમ.**2(S)** ઘ્યાને લેતાં બીજા પક્ષકારનો ઔદ્યોગિક વિવાદ ધારા મુજબ કામદારની વ્યાખ્યા માં સમાવેશ થાય છે પરંતું રોજમદાર ચોકીદાર તરીકે કામગીરી કરતા હોવાનું પુરવાર થતુ ના હોય મુદ્દાનં.૨ નો નિર્ણય અંશત:હકારમાં તેમજ મુદા નં.૩ નો નિર્ણય હકારમાં આપવામાં આવે છે.

(૧૨) મુદ્દાનં.૪ ::–

આ કામે બીજા પક્ષકાર ધ્વારા તેમના માંગણાના નિવેદનમાં તેઓએ કાયમી કરવાની માંગણી કરતા પ્રથમ પક્ષકારે મૌખીક હુકમથી નોકરીમાંથી તા.૦૧/૧૨/૧૮ ના રોજથી છુટા કરી દીધેલ હોવાની હકીકત જણાવેલ છે તેમજ તેઓની સરતપાસના પુરાવામાં પણ તેઓ દવારા આ જ બાબતેનો મૌખીક પુરાવો આપેલ છે અને પ્રથમ પક્ષકાર તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ દવારા વર્ષમાં ૨૪૦ દિવસની કામગીરી કરેલ હોવાનો તથા માસીક રૂ.૬૦૦૦/–પગાર ચુકવતા હોવાનો પુરાવો રજુ નહી કરેલ હોવાનો સ્વીકાર કરેલ છે.જો કે બાદમાં દલીલના આખરી તબકકે તેઓ દવારા પોતાના બેન્ક પાસબુકની નકલ રજુ કરેલ છે જેમાં તેઓના ખાતામાં સેલરીના હેડે નાણા જમા થયેલ છે પરંતું આ નાણા આ કામના પ્રથમ પક્ષકાર દવારા તેઓના પગાર પેટે જમા કરાવામાં આવેલ હોવાનો કોઈ આધારભુત પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી.આ સીવાય પણ બીજા પક્ષકાર દવારા રજુ કરવામા આવેલ પાસબુકની નકલ જોતા તેમાં જમા થયેલ રકમ એકજ મહીનામાં બે વાર જમા થયેલ છે તેમજ તેમાં ચોથા અને પાંચમાં મહીનાનો કોઈ રકમ જમા થયેલ નથી તેમજ બીજા પક્ષકાર પીસરેટ ઉપરની અથવાતો રોજમદાર તરીકેની કામગીરી કરતા હોય સ્વાભાવીક રીતે જ પગાર ફીકસ હોઈ શકે નહી તેમ છતા તેઓના ખાતામાં દરેક મહીનામાં રૂ.૫૯૯૪/–જમા થયેલ છે જે બાબતે પણ અદાલત દવારા બીજા પક્ષકાર તથા તેઓના વકીલશ્રીને ખુલાસો કરવા જણાવેલ હતું તેમ છતા તેઓ તરફે કોઈ પણ

સતોષકારક ખુલાસો કરેલ નથી.વધુમાં બીજા પક્ષકાર તરફે તેઓની નોકરીમાં છુટા કર્યાની તારીખ પુરવાર કરવા માટે કોઈ દસ્તાવેજી આધાર રજુ કરેલ નથી તેમજ આવા કોઈ દસ્તાવેજો રજુ કરાવા માટે કોઈ અરજી પણ કરેલ નથી તેમ છતા પ્રથમ પક્ષકાર દવારા આંક–૨૦ તથા આંક–૨૪ ના લીસ્ટથી તથા પોતાના પુરાવા ના સોગંદનામા બીજા પક્ષકારની હાજરીની વિગતો જણાવેલ છે જે મુજબ બીજા પક્ષકાર દવારા તા.૩૧/૧૨/૧૮ ના રોજ અથવા તો તે અગાઉના તા.૦૧/૦૫/૧૮ ના રોજ સુધીમાં કોઈ પણ પ્રકારની કામગીરી કરેલ નથી તેમજ તે અગાઉ પણ કામગીરી કરેલ છે તે કામગીરી પીસરેટ ઉપર કરેલ છે જેમાં દિવસોની હાજરી નહી પરંતું કરેલ કામગીરીના આધારે વળતરની રકમ ચુકવણી કરવામાં આવે છે અને આ બાબત મહત્વની એટલે બની જાય છે કારણ કે,બીજા પક્ષકાર દવારા તો તેઓ રોજમદાર ચોકીદાર તરીકે કામગીરી કરતા હોવાનો કેસ રજુ કરવામાં આવે છે જયારે આ કામે રજુ થયેલ પુરાવો જોતા બીજા પક્ષકાર દવારા રોજમદાર ચોકીદાર નહી પરંતું પીસરેટ મુજબની છુટક કામગીરી કરેલ હોવાનું રેકર્ડ ઉપર આવેલ છે,આમ રેકર્ડ જોતા બીજા પક્ષકાર દવારા આવી પીસ રેટ મુજબની કામગીરી પણ છેલ્લે તા.૩૦/૦૪/૧૮ ના રોજ સુધીમાં કરેલ છે તે બાદથી તા.૩૧/૧૨/૧૮ સુધીમાં તેઓ દવારા સંસ્થામાં કોઈ જ કામગીરી કરેલ નથી તેવા સંજોગોમાં આ કામના બીજા પક્ષકાર દવારા પોતાના માંગણા નિવેદન તથા પુરાવામાં જણાવેલ તા.૩૧ /૧૨/૧૮ ના રોજ તેઓને છુટા કર્યાની હકીકત પુરવાર કરી શકેલાનું માની શકાય તેમ નથી જયારે વિરૂધ્ધમાં આ કામના પ્રથમ પક્ષકાર સંસ્થા દવારા આ કામના બીજા પક્ષકાર દવારા તા.૩૦/૦૪/૧૮ ના બાદમાં કોઈ પણ કાયમી કે છુટક કે પીસરેટ ઉપરની પણ કામગીરી કરેલ ના હોવાનું રેકર્ડ રજુ કરીને બતાવી શકેલ હોય આ કામના બીજા પક્ષકાર ને સંસ્થા દવારા તા.૩૧/૧૨/૧૮ ના રોજ છુટા કરેલ હોવાનું રેકર્ડ જોતા પુરવાર થતુ નથી,હવે આ કામે મજુર કમીશ્નરશ્રી દવારા કરવામાં આવેલ રેફરન્સની અનુંસુચી તથા તે સાથે સામેલ બીજા પક્ષકારની ફરીયાદ જોતા આ કામના બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર દવારા તા.૩૧/૧૨/૧૮ ના રોજ છુટા કરેલ હોવાનું જણાવીને તેનો નિર્ણય કરવા માટે અત્રેની મજુર અદાલત ને મોકલવામાં આવેલ છે હવે જયારે રેકર્ડ ઉપર આ કામના બીજા પક્ષકાર ને તા.૩૧/૧૨/૧૮ ના રોજ છુટા કરેલ હોવાનું કે આ સમય સુધી તેઓ દવારા સળંગ કામગીરી કરવામાં આવેલ હોવાનું રેકર્ડ પર આવેલ નથી ઉલટાનું બીજા પક્ષકાર દવારા છેલ્લે તા.૩૦/૦૪/૧૮ સુધી પીસરેટ ઉપર કામગીરી કરેલ હોવાનું રેકર્ડ ઉપર આવેલ છે તેમજ આ સમય ગાળા દરમ્યાન કે બાદમાં બીજા પક્ષકાર દવારા જો તેઓને છુટા કરવામાં આવેલ હતા તો પણ તેઓ દવારા પ્રથમ પક્ષકાર સામે કોઈ કાર્યવાહી કરેલ નથી તેવા સંજોગોમાં આ કામના બીજા

પક્ષકારને પ્રથમ પક્ષકાર દવારા તા.૩૧/૧૨/૧૮ ના રોજ છુટા કરી દીધેલ હોવાનું પુરવાર થયેલ ના હોય તેવા સંજોગોમાં મુદા નં.૪ નો નિર્ણય નકારમાં આપવામાં આવે છે.

(૧૩) મુધ્દાનં.૫ ::–

આ કામના બીજા પક્ષકાર દવારા તેમના માંગણા નિવેદન તથા પુરાવા સોગંદનામામાં જણાવ્યા મુજબ તેઓ પ્રથમ પક્ષકારને ત્યાં રોજમદાર ચોકીદાર તરીકે કામગીરી કરતા હોવાનો અને તેઓને સંસ્થા દવારા ઓળખકાર્ડ,પગાર સ્લીપ આપતા ના હોય કાયમી કરવાની તથા પગાર વધારાની માંગણી કરતા તેઓને તા.૦૧/૧૨/૧૮ ના રોજથી મૌખીક હુકમથી છુટા કરી દીધેલ હોવાનો પુરાવો આપેલ છે,જયારે પ્રથમ પક્ષકાર દવારા બીજા પક્ષકાર તેઓને ત્યાં પીસેરટ ઉપર છુટક કામગીરી કરેલ હોવાનો અને તેઓને જેટલી કામગીરી કરેલ તેનં વળતર ચુકવવામાં આવેલ હોવાનુ જણાવેલ છે અને આ કામના બીજા પક્ષકાર દવારા તેઓની સંસ્થામાં દરેક વર્ષમાં ૨૪૦ દિવસથી વધારે કામગીરી કરેલ ના હોય તેઓની નોકરી ઔધીગીક વિવાદ કાયદાની કલમ–૨૫(બી)મુજબની સળંગ નોકરી ના હોય તેઓ કોઈ લાભ મેળવવા હકદાર ના થતા હોવાની તકરાર લીધેલ છે.આ બાબતે કાયદાની પરીસ્થીતી જોઈએ તો જો બીજા પક્ષકાર રોજમદાર હોય કે દૈનિક વેતનથી કામગીરી કરેલ હોવાની હકીકત પુરવાર થયેલ નથી તેની જગ્યાએ બીજા પક્ષકાર દવારા પીસરેટ ઉપર એટલે કે,કામગીરીના પ્રમાણમાં વળતર એ મુજબ કામગીરી કરેલ છે તેવા સંજોગોમાં આવા કેસમાં કામગીરીના દિવસો ગણવાનો પ્રશ્ન ઉપસ્થીત થઈ શકે નહી અને જેથી આઈ.ડી.એકટની કલમ–૨૫(બી)લાગું પાડવાનો પણ પ્રશ્ન ઉપસ્થીત થઈ શકે નહી આ બાબતે પીસરેટ ઉપર કરવામાં આવેલ કામગીરી અંગે આઈ.ડી.એકટની કલમ–૨૫ (બી)લાગું પડવા બાબતે બીજા પક્ષકારના વકીલશ્રી દવારા કોઈ રજુઆત કરેલ નથી.વધુમાં આવી પીસરેટ ઉપરની કામગીરીમાં તો કામદાર પોતાને સોપવામા આવેલ કામગીરી પુર્ણ કરીને બીજી જગ્યાએ કામ કરવા માટે પણ જઈ શકે કારણ કે,તેમાં આખો દિવસ કામગીરી કરવાની કે હાજર રહેવાની જરૂરીયાત નથી તેઓને સોપવામાં આવેલ સંખ્યાની કામગીરી પુર્ણ થયેથી તેઓએ બાકીનો સમય કામગીરી માટે રોકાવાનું હોતું નથી જેથીજ આવા કેસમાં આવા કામદારોનો હાજરી પુરવાનો પ્રશ્ન ઉપસ્થીત થતો નથી જેથી જ આવી કામગીરી આખા દિવસની કામગીરી જ હોતી નથી,આવી કામગીરી બાબતે કરેલ કામની જથ્થો,સંખ્યા ધ્યાને લેવાની રહે છે નહી કે આવી કામગીરી માટે લીધેલ સમય કે દિવસોની સંખ્યા.આમ છતા આ કામના પ્રથમ પક્ષકાર દવારા તેઓ દવારા આંક–૨૨ ના લીસ્ટથી રજુ કરેલ પત્રક જોતા તેમાં આવી પીસરેટની કામગરીના પણ દિવસો સને.૨૦૧૪ સુધી દર્શાવેલા છે જેમાં પણ ૨૪૦ દિવસની કામગીરી કરેલ હોવાનું જણાતુ નથી તેમજ બાદમાં બીજા પક્ષકાર દવારા આવી કામગીરી પણ માત્ર છુટક છુટક થોડાક જ દિવસો પુરતી કરેલ છે.વધુમાં આ કામના પ્રથમ પક્ષકાર દવારા બીજા

પક્ષકાર પીસરેટ ઉપરની કામગીરી માટે છુટક કામ કરતા હોવાનો બચાવ લીધેલ છે અને તેઓની આ હકીકત પુરવાર કરવા માટે આંક–૨૦ ના તથા આંક–૨૪ ના લીસ્ટથી કામગીરીના દિવસોની માહીતી દર્શાવતું પત્રક રજુ કરેલ છે જે મુજબ આ કામના બીજા પક્ષકાર દવારા તેઓના જણાવ્યાં પ્રમાણે કોઈ પણ વર્ષમાં તેઓ દવારા ૨૪૦ દિવસની સળંગ કામગીરી કરેલ હોવાનું રેકર્ડ ઉપર આવેલ નથી તેમજ આવી કામગીરી પણ પીસરેટ ઉપર એટલે કે રોજમદાર તરીકે નહી પરંતું જેટલી કામગીરી કરવામાં આવે તેટલા કામનું વળતર તેઓની કરવામાં આવેલ કામગીરીને આધારે આપવામાં આવતું હોવાનું જણાય છે તેમ છતા આવા દિવસોની પણ ગણતરી કરીને સંસ્થા દવારા રજુ કરવામાં આવેલ છે જેમાં પણ તેઓની હાજરીના દિવસો ૨૪૦ કે તેનાથી વધારે થતા નથી અને મહત્વની બાબત તો એ છે કે,બીજા પક્ષકાર દવારા રોજમદાર તરીકે કે દૈનીક વેતન ઉપર કામગીરી કરેલ હોવાનું પુરવાર કરી શકેલ નથી તેની જગ્યાએ પ્રથમ પક્ષકાર દવારા કામદારે પીસરેટ ઉપર કામગીરી કરેલ હોવાનું રેકર્ડ રજુ કરીને પુરવાર કરેલ છે તેવા સંજોગોમાં આવી પીસરેટની કામગીરીમાં દિવસોની સંખ્યાને ધ્યાનમાં લેવા ની થતી નથી કારણ કે,કોઈ કામદાર દવારા રોપા વાવવાની કામગીરી કરવાની હોય તો તો એક દિવસમાં માત્ર ૧૦ રોપા વાવે તો તેઓને એક રોપા દિઠ વળતરની ચુકવણી થાય અને અન્ય કોઈ કામદાર એક દિવસમાં ૧૦૦ રોપા વાવે તો તેઓને એક રોપા દિઠ વળતરની ચુકવણી કરવામાં આવે આમ તેઓને એક રોપા દિઠ અથવાતો આવા પ્રકારની જે કામગીરી કરવામાં આવે તેવી કામગીરીને આધારે વળતરની ચુકવણી કરવામાં આવે છે તેઓની હાજરીના દિવસો કે રોજના આધારે તેઓને પગારની ચુકવણી કરવાની હોતી નથી,અદાલત દવારા પણ બીજા પક્ષકારના વકીલશ્રીને તેઓની આવી પીસરેટ મુજબની કામગીરી ને રોજમદાર તરીકે કે દૈનીક વેતન આધારીત પુરા દિવસની કામગીરી ગણી શકાય એ બાબતે કોઈ ઓથોરીટી કે પરીપત્ર કે જોગવાઈ હોય તો રજુ કરવા જણાવામાં આવેલ હતું પરંતું તેઓ દવારા આવી કોઈ ઓથોરીટી રજુ કરી શકેલ નથી કે જેના આધારે અદાલત બીજા પક્ષકાર દવારા કરવામાં આવતી પીસરેટ મુજબની કામગીરીને રોજમદાર તરીકેની કામગીરી ગણી શકે તેવા સંજોગોમાં બીજા પક્ષકાર રોજમદાર ચોકીદાર તરીકે કામગીરી કરતા હોવાનું પુરવાર થયેલ નથી પરંતું બીજા પક્ષકાર દવારા પીસરેટ મુજબની કામગીરી કરેલ હોવાનું રેકર્ડ ઉપર આવેલ હોય અને આવી કામગીરી ને આધારે બીજા પક્ષકાર દવારા આઈ.ડી.એકટની કલમ–૨૫ (બી)મુજબની સળંગ કામગીરી કરેલ હોવાનું માની શકાય તેમ ના હોય મુદાનં.૫ નો નિર્ણય નકારમાં આપવામાં આવે છે.

(૧૪) મુધ્દાનં.૬ ::–

આ કામના બીજા પક્ષકાર સંસ્થામાં આઈ.ડી.એકટની કલમ–૨૫(બી)મુજબની સળંગ કામગીરી કરેલ હોવાનું પુરવાર થયેલ નથી અને તેઓ દવારા જે કામગીરી કરવામાં આવેલ હતી તે પણ પીસરેટ ઉપર કરવામાં આવેલ હતી તેવા સંજોગોમાં આવી કામગીરી સળંગ કામગીરી ના હોય તેમજ તેમાં દિવસોની ગણતરી કે રોજની ગણતરી કરવાની થતી ના હોય કલમ–૨૫(બી) મુજબની સળંગ નોકરી કરેલ હોવાનો તેમજ છુટા કરતા સમયે કલમ–૨૫(એફ)નું પાલન કરવાનો પ્રશ્ન ઉપસ્થીત થતો નથી તેમજ બીજા પક્ષકાર કાયમી નોકરીમાં હોય જ નહી તેવા સંજોગોમાં તેઓને છુટા કરેલ હોવાનો પણ પ્રશ્ન ઉપસ્થીત થતો ના હોય બીજા પક્ષકારને પ્રથમ પક્ષકારે કોઈ પણ રીતે ગેરકાયદેસર રીતે છુટા કરેલ હોવાની હકીકત પુરવાર થતી ના હોય મુદાનં.૬ નો નિર્ણય નકારમાં આપવામાં આવે છે.

(૧૫) મુધ્દાનં.૭,૮ તથા ૯ સંયુકત :–

ઉપરોકત મુદાન.૧ થી ૬ ના કારણો તથા નિર્ણયો ધ્યાને લેતા આ કામના બીજા પક્ષકાર આ કામના પ્ર થમ પક્ષકારના કામદાર હોવાનું પુરવનાર થયેલ છે પરંતું તેઓ દવારા પીસરેટ ઉપર કામગીરી કરેલ હોય તેઓ દવારા કલમ–૨૫(બી)મુજબની સળંગ કામગીરી કરેલ હોવાનું પુરવાર થયેલ નથી તેમજ આવી પીસરેટ ઉપરની કામગીરીમાં છુટા કરવાનો પ્રશ્ન ઉપસ્થીત થતો ના હોય તેઓને ગેરકાયદેસર રીતે છુટા કરેલ હોવાનું પણ પુરવાર થયેલ ના હોય તેવા સંજોગોમાં ઉપરોકત બાબતો પુરવાર ના થયેલ હોય બીજા પક્ષકાર માંગણાના નિવેદનમાં જણાવ્યાં મુજબ નોકરીમાં પુન:સ્થાપિત થવા,પડેલા દિવસોનો કોઈ પગાર મેળવવા તેમજ વિકલ્પે કોઈ વળતર મેળવવા હકકદાર થતા ના હોય મુદાનં.૭,૮ તથા ૯ નો નિર્ણય નકારમાં આપવામાં આવે છે.

(૧૬) મુધ્દાનં.૧૦ ::–

ઉપરોકત મુદાનં.૧ થી ૯ ના કારણો તથા તેના નિર્ણયોને ધ્યાને લેતા મુદાનં.૧૦ લગત ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

(૧) આ કામના બીજા પક્ષકારનો હાલનો રેફરન્સ આથી નામંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના બીજા પક્ષકાર **શ્રી ગોપાલભાઈ દાદુભાઈ ચારણ** ને તેમની મુળ જગ્યાએ પડેલા દિવસોના પુરેપુરા પગાર સહીત નોકરીમાં પુન:સ્થાપિત થવા હકદાર **ના** થતા હોવાનું ઠરાવામાં આવે છે.

(૩) હાલનો એવોર્ડ મદદનીશ શ્રમ આયુકતશ્રી,ગોધરાને પ્રસિધ્ધી માટે મોકલી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) મદદનીશ શ્રમ આયુકતશ્રી,ગોધરા તરફથી એવોર્ડની નકલ પ્રસિધ્ધ થઈને આવેથી અધિક્ષકશ્રી,લેબર કોર્ટ ગોધરાને તાત્કાલીક નકલ આપવા બાબતે મજુર અદાલત(પધ્ધતિ અને કાર્યરીતી) નિયમો.૧૯૪૭ના નિયમ.૩ર ની જોગવાઈ અનુંસારની કાર્યવાહી કરવાનો હુકમ કરવામાં આવે છે.

**સ્થળ : ગોધરા**
**તા.૦૭/૧૦/૨૦૨૪**

**(હીતેશકુમાર અમરભાઈ મકા)**
**પ્રમુખ અધિકારી**
**મજુર અદાલત,ગોધરા.**
**GJ01459**